# INDOFIL Industries ties-up with Shanghai Baijin, China to produce CS2 in Gujarat

## ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝે ગુજરાતમાં CS2ના ઉત્પાદન માટે શાંઘાઈ બૈજિન, ચીન સાથે જોડાણ કર્યું

ગાંધીનગર, ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તથા કે કે મોદી ગ્રૂપના ચેરમેન શ્રી કે. કે. મોદીએ આજે ગુજરાતના દહેજમાં તેના અત્યાધુનિક ગ્રીન એનર્જી CS2 ઉત્પાદન એકમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. ઈન્ડોફિલે ઈન્ડો બૈજિન કેમિકલ્સ પ્રા. લિ.માં ૫૧:૪૯ની ભાગીદારી મારફત CS2ના ઉત્પાદન માટે ચીનની શાંઘાઈ બૈજિન કેમિકલ ગ્રૂપ (એસબીસી) સાથે સિમાચિહ્નરૂપ સંયુક્ત સાહસ શરૂ કર્યું છે. અંદાજે ચાર કરોડ ડોલરનો પ્લાન્ટ CS2 ઉત્પાદન માટે ઈકો- ફ્રેન્ડલી ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશનો સૌપ્રથમ પ્લાન્ટ હશે.

આ પ્રસંગે કે. કે. મોદીએ જણાવ્યું હતું કે, "હાલમાં ભારતના ૮૦ ટકા CS2ની વિશ્વના વિવિધ ભાગોમાંથી આયાત થાય છે. મને આશા છે કે આ એકમ આ આયાતોનો વિકલ્પ બની શકશે. ઈન્ડોફિલ ખૂબ જ ઝડપથી વિકાસ કરી રહી છે. તેનું વેચાણ છેલ્લા ચાર વર્ષમાં બમણું થઈ ગયું છે અને તે વર્તમાન વૃદ્ધિદર જાળવી રાખવા માગે છે. CS2 ઉત્પાદનમાં વિસ્તરણ આ ઝડપી વૃદ્ધિનો એક ભાગ છે. ઉત્પાદનમાં ઈકો-ફ્રેન્ડલી ટેકનોલોજી અપનાવીને ઈન્ડોફિલ ટકાઉ અને સક્ષમ વિકાસ માટે રસાયણ ઉદ્યોગમાં એક ઉદાહરણ સ્થાપિત કરશે. ઈન્ડો બૈજિન કેમિકલ્સ પ્રા. લિ. 'ગ્રીન ટેકનોલોજી'ના ઉપયોગ મારફત ૫૦,૦૦૦ ટનCS2ની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવતું મોદી જૂથનું સૌપ્રથમ ભારત-ચીન સંયુક્ત સાહસ છે. આ પ્લાન્ટની ટેકનોલોજી અંગે વાત કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "સૂચિત પ્લાન્ટ રસાયણયુક્ત પાણી છોડા વિના 'ઝીરો' વેસ્ટેજની સુવિધા ધરાવે છે. તે ઘટાડેલો અને વિપુલ ગેસ વાતાવરણમાં છોડે છે. આ પ્લાન્ટ દૈનિક ૩૦૦ ક્યુબીક મીટર પાણી રિસાઈકલ કરશે અને વેસ્ટ હીટમાંથી દૈનિક ૧૩૫ ટન વરાળ છોડશે. પ્રાથમિક મૂલ્યાંકન સૂચવે છે કે આ પ્રોજેક્ટ વાર્ષિક ૨૫,૦૦૦ ટન કાર્બન ક્રેડિટ માટે સક્ષમ બનશે. આ અત્યાધુનિક ગ્રીન ટેકનોલોજી સાથે કોલસાનું સ્થાન કુદરતી ગેસ લેશે અને આ બાબત અમને વાર્ષિક ૫૦,૦૦૦ ટન લાકડુ બચાવવામાં મદદરૂપ થશે, જે જંગલના ૫૮ ચો. કિ.મી. વિસ્તાર સમકક્ષ થાય છે.

**Gandhinagar, March 22nd 2012:** Mr. K. K. Modi, Chairman & Managing Director - INDOFIL INDUSTRIES LTD and Chairman – K K MODI GROUP today announced the opening of its state-of-the-art green energy CS2 production plant at Dahej, Gujarat. Indofil has entered into a landmark joint venture with Shanghai Baijin Chemical Group (SBC), China for CS2 manufacturing through a 51:49 partnership in INDO BAIJIN CHEMICALS PVT. LTD. The approximate $40 million plant would be the first in the country to use eco-friendly technology for CS2 production.

Speaking at the event, Mr. K. K. Modi said "At present, 80% of India's CS2 is imported from various parts of the world; this unit would substitute for some of these imports. Indofil is evolving rapidly; its sales have doubled in the past 4 years and it is set to maintain the current growth. Expansion in CS2 production is part of this rapid growth. By adopting eco-friendly technology in production, Indofil will set an example in the chemical industry for sustainable development."

INDO BAIJIN CHEMICALS PVT. LTD. is the first Indo-Chinese joint venture for the Modi Group to establish an annual production capacity of 50,000 Tons of CS2, using "Green Technology". Speaking on the technology Mr. Modi said, "The proposed plant will have 'Zero' wastage discharge with no chemical contaminated water as affluent and reduced outlet gas released to atmosphere. The plant will recycle 300 cubic meter water per day & recover 135 tons steam per day from waste heat. Preliminary evaluations indicate that the project will be entitled for 25,000 tons of carbon credit per year. With this state-of-the-art green technology, charcoal will be replaced by Natural Gas and this will help us save 50,000 tons of wood per year which is equivalent to 58 sq.kms of forest."